*If you want to fly, We provide wings...*

# ICE®

# TRENDING CURRENT

## TOPIC 25

## અટલ ભૂજલ યોજના




- ચર્ચામાં શા માટે ?
- અટલ ભૂજલ યોજના :-
- અટલ ટનલ :-

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

**TOPIC-25નો**
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in
t.me/icerajkotofficial
9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- ભારતના પૂર્વ પ્રધાનમંત્રીશ્રી અટલ બિહારી વાજપેયની જન્મ-જયંતી નિમિત્તે 25 ડિસેમ્બરના રોજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા ‘અટલ ભૂજલ યોજના’નો શુભારંભ કરવામાં આવ્યો છે.
- આ સાથે મનાલીથી લેહ-લદ્દાખ સુધીની રોહતાંગ ટનલનું નામ બદલીને ‘અટલ ટનલ’ રાખવામાં આવ્યું છે.

## અટલ ભૂજલ યોજના :-

- અટલ ભૂજલ યોજનાને ‘અટલ જલ’ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ યોજના માટે 6000 કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે જે પૈકી 3000 કરોડ રૂપિયાની ફાળવણી વર્લ્ડ બેંક દ્વારા લોનના સ્વરૂપમાં કરવામાં આવશે.
- આ યોજના ભૂગર્ભ જળ સ્ત્રોતના ટકાઉ નિયમન માટેની છે. ભારતમાં કુલ સિંચાઈ વિસ્તાર પૈકી 65% સિંચાઈ વિસ્તાર ભૂગર્ભ જળ પર આધાર રાખે છે.
- આ યોજનાનું અમલીકરણ 7 રાજ્યોના 78 જિલ્લાઓના 8,350 ગામડાઓમાં કરવામાં આવશે.
- આ સાત રાજ્યોમાં ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, હરિયાણા અને ઉત્તરપ્રદેશનો સમાવેશ થાય છે.
- આ યોજના 2020 થી 2025 એમ કુલ 5 વર્ષ માટે અમલમાં રહેશે.
- આ યોજના જલ શક્તિ મંત્રાલયના જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા સંરક્ષણ વિભાગની અંતર્ગત આવે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- આ દરમિયાન પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યું છે કે કુલ 18 કરોડ ગ્રામ્ય પરિવારો પૈકી માત્ર 3 કરોડ ગ્રામ્ય પરિવારો પાસે પાઈપ થકી પાણીની સુવિધા પહોંચે છે. સરકારે 15 કરોડ પરિવારોને વર્ષ 2024 સુધીમાં ચોખ્ખું પીવાનું પાણી પાઈપ થકી પહોંચાડવાનું લક્ષ્ય 'જલ જીવન મિશન' અંતર્ગત રાખ્યું છે.
- 'જલ જીવન મિશન'નું આ લક્ષ્ય સિદ્ધ કરવા માટે પણ 'અટલ ભૂજલ યોજના' દ્વારા મદદ મળશે.
- આ યોજના અંતર્ગત મુખ્ય 2 ઘટકો છે.
  - (i) પ્રોત્સાહક (ઈન્સેન્ટીવ) ઘટક :- જે રાજ્યો/ગ્રામ પંચાયતો ભૂગર્ભ જળ નિયમન ક્ષેત્રે સારૂં પ્રદર્શન કરશે તેને પ્રોત્સાહન આપવામાં આવશે.
  - (ii) સંસ્થાકીય સશક્તિકરણ અને ક્ષમતા નિર્માણનો ઘટક : - આ ઘટકમાં ભૂગર્ભ જળ નિયમન માટેની રાજ્યની સંસ્થાઓની વ્યવસ્થાઓને મજબૂત બનાવવામાં આવશે. ઉપરાંત આ ઘટકમાં નીચેની ક્રિયાઓમાં સમુદાયોની સક્રિય ભાગીદારીની વાત કરવામાં આવી છે.
    - વોટર બજેટીંગ
    - ભૂગર્ભ જળની માહિતીઓની દેખરેખ અને આ માહિતીનું વિતરણ
    - 'વોટર યુઝર એસોસિયેશન'નું નિર્માણ
    - ગ્રામ પંચાયત સ્તરે જળ-સુરક્ષા યોજનાઓની બનાવટ અને તેનું અમલીકરણ
    - ટકાઉ ભૂજળ નિયમન માટેની માહિતી, શિક્ષણ અને સંચારની ક્રિયાઓ
- આ યોજનામાં પંચાયત સ્તરે પાણીના નિયમન અને વર્તણૂકમાં બદલાવની સાથે-સાથે પાણીની માંગના નિયમન પર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અટલ ટનલ :-

- 3 જૂન, 2000માં પૂર્વ પ્રધાનમંત્રી શ્રી અટલ બિહારી વાજપેય દ્વારા રોહતાંગ ટનલ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.
- વર્તમાન સમયે પણ આ ટનલનું કાર્ય ચાલું છે અને આ કાર્ય વર્ષ 2020ના મધ્યમાં પૂર્ણ થઈ શકે છે.
- આ ટનલ દ્વારા હિમાચલ પ્રદેશ અને લદ્દાખને બારેમાસ જોડતી વ્યવસ્થા પ્રદાન થશે.
- 3000 મીટરથી વધુ ઊંચાઈએ આવેલી હોય તેવી આ વિશ્વની સૌથી લાંબી ટનલ છે. આ ટનલની લંબાઈ 8.8 કિ.મી. છે.
- આ ટનલ દ્વારા મનાલી અને લેહ વચ્ચેના અંતરમાં 46 કિ.મી.નો ઘટાડો થશે.
- રોહતાંગ ઘાટ એ હિમાલયની પિર પંજાલ શ્રેણીમાં આવેલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT